| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૨૯/૦૧/૨૦૦૪. | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૨૯/૦૧/૨૦૦૪. | | |
| ફૈંસલ કર્યા તારીખ | ૦૧/૦૧/૨૦૧૮. | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**<u>મહે. ઍડી. ચીફ મૅટ્રોપૅાલીટન મૅજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં–મુ.અમદાવાદ.</u>**

**ફો.કેસ નં. (નવો) ૯૦૦૧૦૦/૨૦૦૪.**
**ફો.કેસ નં. (જૂનો) ૧૦૦/૨૦૦૪**
**આંકઃ–**

**ગુજરાત સરકાર.**
**(ફરિયાદીનું નામ : ગિરીશભાઈ અમીચંદભાઈ શાહ)**

**::::::::::  ફરિયાદી.**

**વિરૂધ્ધ**

**પંકજભાઈ મણીલાલ પટેલ.**
**રહે. એચ–૩૬/૧૯૩ હેપી હોમ એપાર્ટમેન્ટ,**
**શાસ્ત્રીનગર,નારણપુરા, અમદાવાદ.**

**::::::::::  આરોપી.**

**ગુનો :–  ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ અને ૧૩૪(બી) મુજબ.**

---

**ઍડવોકેટ્સ :–**
**ગુજરાત સરકાર તરફે  :– વિ.એ.પી.પી.શ્રી કે.વી. ઉપાધ્યાય.**
**આરોપી તરફે  :– વિ.વ.શ્રી એન.વી.શાહ.**

---

**–:: <u>ચુ કા દો</u> ::–**

૧. ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૧૯/૧૨/૦૦૩ નાં કલાક ૨૦–૩૦ વાગે, શાસ્ત્રીનગર વસાહતનાં નાકે, રોડ ઉપર, પોતે પોતાનાં કબજાની મારૂતિ નં. જી.જે.–૨–એ.–૮૨૦૦ ની પૂરઝડપે, બેદરકારીભરી રીતે, ગફલતભરી રીતે,

માનવ જિંદગીને ભય ઉત્પન્ન કરે તેમજ માનવ જિંદગી જોખમાય, તે રીતે બેફિકરાઈથી ચલાવી લઈ આવી, ફરિયાદીની સ્કૂટી નં. જી.જે.–૧–એ.જી.–૩૪૩૦ ને ટકકર મારી, રૂપિયા ૧,૫૦૦/– નું નુકસાન કરી, નાસી જઈ, પાછળથી પકડાઈ જઈ, ગુનો કરેલ. જે અંગેની ફરિયાદ, આ કામનાં ફરિયાદીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં, સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ અને ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડૅપ્યુટ થતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ. જેમાં આરોપી સામે તપાસ કરતાં, પૂરતો પુરાવો મળી આવતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ અને ૧૩૪ (બી) મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

૨. આરોપી સામે વિધિસર સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીને તપાસ અન્વયેનાં પોલીસ દસ્તાવેજો મળ્યાની ખાતરી કરવામાં આવેલ. ત્યાર બાદ આંક–૨ થી આરોપીનું નિવેદન નોંધતાં, આરોપી દ્વારા ગુનો કબૂલ નથી અને બચાવ કરવો છે, તેમ જણાવેલ. જે અન્વયે ફરિયાદ પક્ષ દ્વારા પુરાવો રજૂ કરવામાં આવેલો.

૩. ફરિયાદ પક્ષ તરફે તેમનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક પુરાવાઓ રજૂ રાખેલાં છે.

## મૌખિક પુરાવો

| અનુ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૪ | ગિરીશભાઈ અમીચંદભાઈ શાહની જુબાની. |

૪. ફરિયાદ પક્ષ તરફે તેમનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલાં છે.

## દસ્તાવેજી પુરાવો

| અનુ.નં. | આંક | દસ્તાવેજનું વર્ણન. |
|---|---|---|
| ૧. | ૫ | ફરિયાદ. |
| ૨. | ૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |

૫. ઉપર મુજબનો પુરાવો પૂરો થયા બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૭ થી પુરાવા બંધની પુરસીસ આપવામાં આવેલ. ત્યાર બાદ આરોપી સામે એફ.એસ. લાયક પુરાવો ના હોઈ, તેઓનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યાર બાદ સરકાર પક્ષ તરફે તથા આરોપી તરફે દલીલ કરવામાં આવેલ .

૬. ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવો અને હકીકત ધ્યાને લેતાં, સદર ફરિયાદનાં નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉત્પન્ન થાય છે. **પોઈન્ટ ફૉર ડિટરમીનેશન સી.આર.પી.સી.ની કલમ–૩૫૪ (૧)(બી) મુજબ.**

**–: મુ દ્દા :–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી–એ તા.૧૯/૧૨/૦૦૩ નાં કલાક ૨૦–૩૦ વાગે, શાસ્ત્રીનગર વસાહતનાં નાકે, રોડ ઉપર, પોતે પોતાનાં કબજાની મારૂતિ નં. જી.જે.–૨–એ.–૮૨૦૦ ની પૂરઝડપે, બેદરકારીભરી રીતે, ગફલતભરી રીતે, માનવ જિંદગીને ભય ઉત્પન્ન કરે તેમજ માનવ જિંદગી જોખમાય, તે રીતે બેફિકરાઈથી ચલાવી લઈ આવી, ફરિયાદીની સ્કૂટી નં. જી.જે.–૧–એ.જી.–૩૪૩૦ ને ટકકર મારી, રૂપિયા ૧,૫૦૦/– નું નુકસાન કરી, નાસી જઈ, પાછળથી પકડાઈ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકૂટની કલમ –૧૭૭, ૧૮૪ અને ૧૩૪(બી) મુજબનાં શિક્ષાને પાત્ર ગુના આ કોર્ટની હકૂમતમાં કરેલ છે ?

:૨: શું હુકમ?

૭. ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–: ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૪ (૧) (બી) મુજબ નિર્ણય માટેનાં કારણો :–**

**મુદ્દા નં. ૧ :–**

૮. ભારતીય ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ તથા ક્રિમિનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં ફરિયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગિક પુરાવાથી સાબિત કરવાનો રહે છે. વધુમાં કોઈ પણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને **"strictly construed"** કરવાનું રહે છે. એટલે, અદાલતે કાયદાનાં શબ્દો **(Litera legis)** કરતાં આગળ વધવું જોઈએ નહી.

૯. જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે, ત્યાં સુધી કોઈ પણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે :–

કલમ–૬:– આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધિન સમજવી. આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુનાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત "સામાન્ય અપવાદો" શિર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધિન છે, તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી. એટલે કે, કોઈ પણ કૃત્ય બને છે કે કેમ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલાં છે, તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે, કોઈ પણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધિન છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો***

***ચુકાદો, કે જે ૧૯૭૬(૨) એસસીસી–પાન નં.૭૯૮*** ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રૅકર્ડ ઉપર જે પુરાવો હોય, તેનાં ઉપરથી અદાલતે કોઈ પણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે નકકી કરવાનું હોય છે.

**Beyond reasonable doubt એટલે શું?**

૧૦. ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ વ્યાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈ પણ ભૂલ ભરેલી સજા, સમાજ તથા આરોપી માટે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી, સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહ્યો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતાં, એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે, જે અન્વયે પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે નામદાર સુપ્રીમ કૉર્ટ દ્વારા સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા જોઈએ, જે અન્વયે ***જયંતિલાલ કુબેરદાસ શર્મા વિરૂધ્ધ રાજય ૨૦૦૭ (૧) જી.એલ.આર. ૯૯*** ધ્યાને લેતાં :

> A Judge does not preside over a criminal trial merely to see that no innocent men is punished, A Judge also preside to see that guilty man does not escape. Both are public duty. The proof beyond reasonable doubt is mere guideline and not fetish. Reasonable doubt is not an imaginary, trival, or merely possible doubt, but a fare doubt based upon reason and common sense.

વધુમાં નામદાર સુપ્રીમ કૉર્ટ દ્વારા ***અલ્લારખા એ.મનસુરી વિ.સ્ટેટ ઑફ ગુજરાત એ.આઈ.આર.૨૦૦૨ સુપ્રીમ કૉર્ટ ૧૦૫૧*** માં સ્થાપિત કરેલ છે કે "A miscarriage of Justice which may arised from the acquittal of a guilty is not less than from the conviction of an innocent."

૧૧. Reasonable doubt અંગે વિદ્વાન કાયદાવિદ્ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા

આપી છે કે :–"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય, તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે, તો તે રિઝનેબલ ડાઉટ છે.

૧૨. આ જ રીતે લૉર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કેઃ–That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice".

૧૩. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ***સ્ટેટ ઑફ બેંગાલ– વિરૂધ્ધ– ઓનીલાલ જયસ્વાલ–નાં ૧૯૯૪(૧) જી.એલ.એચ.પાન–૫૩૭*** ઉપરનાં ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ..."

આમ, રિઝનેબલ ડાઉટ રૅકર્ડ ઉપરથી ફલિત થતો હોવો જોઈએ અને તે કાલ્પનિક ન હોવો જોઈએ

અને રૅકર્ડ ઉપરથી જ ફક્ત શંકા નહિ, પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ.

## ૧૪. નજરે જોનાર, બનાવ બાદ સ્થળ ઉપર આવેલ સાહેદોનાં પુરાવાનું મૂલ્યાંકન :–

૧૪.૧. ફરિયાદ પક્ષનાં સાહેદોનો પુરાવો, એ માત્ર યાંત્રિક દ્રષ્ટિએ સ્વીકારવાનો નથી. જેનાં અનુસંધાને નામદાર સુપ્રીમ કૉર્ટ દ્વારા ***હરદિપ વિરૂઘ્ધ સ્ટેટ ઑફ હરિયાણા અને બીજા એ.આઈ.આર.૨૦૦૨, સુપ્રીમ કૉર્ટ ૩૦૧૮*** માં નીચે મુજબ ઠરાવેલ છે.

> The court can not proceed to consider the evidence of the prosecution witness in a mechanical way. The broad feature of the prosecution case, the probabilities and normal course of human conduct of a prudent person are some of the factor which are always kept in mind while evaluating the merit of the case.

જે બાબત ઘ્યાને લેતાં, સદર કામે ઈજા પામનાર ઈસમનો પુરાવો, જે રજૂ કરવામાં આવેલ છે, તે સાહેદની જુબાનીને રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા સાથે મૂલ્યાંકન કરવાનું થાય.

૧૪.૨. ભારતીય પુરાવા ધારાની કલમ–૩ મુજબ સાબિતીની વ્યાખ્યા નીચે મુજબ આપેલી છે.

"proved" .- A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

ઉપર ચર્ચા કરી તેમ, ફરિયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શકથી સાબિત કરવાનો હોય છે.

જયારે આરોપી પક્ષ તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઑફ પ્રોબેબિલીટી, એટલે કે, શકૂયતાની બાહુલ્યતાનાં ધોરણે કરવાની હોય છે. આમ, ફરિયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી, સાંયોગિક પુરાવાથી કે આરોપીની કબૂલાતથી પણ પુરવાર કરી શકે છે. ભારતીય પુરાવા ધારા કલમ–૫૯ મુજબ, દસ્તાવેજની વિગત સિવાય, તમામ હકીકતો મૌખિક પુરાવાથી સાબિત કરવાની હોય છે. મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારા કલમ ૩ માં નીચે મુજબ આપેલી છે.

"Evidence" .- "Evidence" means and includes-
(1) all statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matter of fact under inquiry: such statements are called oral evidence;

એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે, તેવા સાહેદોએ કરેલાં તમામ નિવેદનો મૌખિક પુરાવો કહેવાય છે.

૧૫. ફરિયાદ પક્ષની હકીકત મુજબ, આ કામના આરોપી દ્વારા બફીકરાઈપૂર્વક અને બેદરકારીપૂર્વક વાહન હંકારેલ, તેમ કરી ગુનો કરેલ, જે અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ ધ્યાને લેતાં,

> " જે કોઈ વ્યક્તિ, માણસોની જિંદગી જોખમમાં મૂકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાનિ થવાનો સંભવ હોય, એવી રીતે બેફામ રીતે અથવા બેદરકારીથી જાહેર રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે, તેને છ મહિના સુધીની કોઈ પણ પ્રકારની કેદની અથવા એક હજાર સુધીનાં દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે"

**મહાદેવ ભગવાનજી પટેલ વિરૂઘ્ધ ગુજરાત રાજય ૨૦૦૧(૩) જી.એલ.એચ. ૭૬૮** માં *નામદાર ગુજરાત હાઈકૉર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે, રૅકર્ડ પરની સ્વીકૃત હકીકતો અને પંચનામાની હકીકત ધ્યાને લેતાં, "રેસ ઈપ્સા લોકવીચર" નાં સિઘ્ધાંત લાગૂ પડશે, ફરિયાદ પક્ષે સંબધકર્તા હકીકતો સાબિત કરવાની રહે છે, જેમાંથી બેદરકારીનું અનુમાન થઈ શકે. એક વખત જયારે આરોપી સામે આવું અનુમાન કરવામાં આવે,*

*ત્યારે જે સંજોગોમાં અકસ્માત થયો હોય, તેની સ્પષ્ટતા કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.*

૧૬. સદર હકીકતે પ્રથમ ફરિયાદ પક્ષનાએ પુરવાર કરવાનું થાય કે, આ કામનાં આરોપી દ્વારા વાહન હંકારવામાં આવતું હતું અને ત્યાર બાદ આ કામનાં આરોપી દ્વારા પોતાનાં કબજાનું વાહન પૂરઝડપે, બેદરકારીભરી રીતે, ગફલતભરી રીતે, માનવ જિંદગીને ભય ઉત્પન્ન કરે તેમજ માનવ જિંદગી જોખમાય તે રીતે, બેફિકરાઈથી હંકારેલ હતું, તે હકીકત પુરવાર કરવાનું થાય. અત્રે એ નોધવાનું થાય, કે વાહન વધુ ઝડપથી હંકારવામાં આવેલ હોય તેટલી હકીકત, એ આરોપીએ વાહન બેફિકરાઈથી કે ગફલતભરી રીતે હંકારેલ હતું, તેમ માની શકાય નહિ. પરંતુ, ફરિયાદ પક્ષે આરોપી દ્વારા વાહન માનવ જિંદગીને જોખમમાં મૂકે, તે રીતે હંકારેલ હતું, તેવી હકીકત પુરવાર કરવાની થાય.

૧૭. સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં, આંક–૪ થી સાહેદ ગિરીશભાઈ અમીચંદભાઈ શાહનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ શું બનેલ, તેની મને કોઈ માહિતી નથી. કોર્ટમાં હાજર આરોપીને હું ઓળખતો નથી તેમજ અગાઉ આરોપી સાથે મારે કોઈ બનાવ બનેલ હોય, તેમ પણ મને ખબર નથી. તેઓને ફરિયાદ બતાવતાં, તેમાંની પોતાની સહી ઓળખી બતાવતાં, તેઓની જુબાનીમાં ફરિયાદને આંક–૫ આપવામાં આવેલ. આ સાહેદે ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન ન આપતાં ખુદ ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલાં જાહેર કરેલ છે અને ત્યાર બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ફરિયાદ મેં આપેલ નથી અને ઉદીયનભાઈ મારી સાથે આ બનાવ સમયે હાજર ન હતાં, જે મારા ભાણેજ જમાઈ થાય છે. અને કોર્ટમાં હાજર આરોપીને મેં ગાડી ચલાવતાં જોયેલાં નથી.

આમ, આ કામે તપાસવામાં આવેલાં સાહેદનાં સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરતાં જણાઈ આવે છે કે, તેઓ ફરી ગયેલાં સાહેદ જાહેર થયેલ હોઈ, તેઓની જુબાની ફરિયાદ

પક્ષનાં કેસને મદદકર્તા જણાઈ આવતી નથી. વળી, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ફરિયાદ મેં આપેલ નથી અને ઉદીયનભાઈ મારી સાથે આ બનાવ સમયે હાજર ન હતાં, જે મારા ભાણેજ જમાઈ થાય છે. અને કોર્ટમાં હાજર આરોપીને મેં ગાડી ચલાવતાં જોયેલાં નથી. તેમનાં આ કથનો જોતાં, હાલનાં કામનો અકસ્માત કરનાર, એ હાલનાં કામનાં આરોપી જ હતાં, તેવી હકીકત નિઃશંકપણે સાબિત થઈ શકતી નથી. તેઓની જુબાનીથી તેઓને કોઈ વાહન અકસ્માત થયાનું જણાઈ આવે છે. પરંતુ, તે અકસ્માત કરનાર હાલનાં આરોપી જ હતાં, તેવો કોઈ ઠોસ, સચોટ, નિષ્પક્ષ અને નિઃશંક પુરાવો મળી આવતો નથી. આ કામે તપાસવામાં આવેલાં સદર સાહેદનાં જણાવ્યા મુજબ, આ કામનો અકસ્માત, એ જાહેર જગ્યા પર બનેલ હતો. જો જાહેર રોડ પર અકસ્માત બન્યો હોય, તો અકસ્માત થયા બાદ ઘણાં બધાં વાહનો અને વ્યક્તિઓ ત્યાં ઉભા રહી ગયેલ હોય, તે તદ્દન સ્વાભાવિક છે. તેમ છતાં એ ઘણાં બધાં વાહનો અને વ્યક્તિઓ પૈકીનાં એક પણ સ્વતંત્ર સાહેદને નામદાર અદાલત સમક્ષ પેશ કરીને ફરિયાદ પક્ષે પોતાનો કેસ સ્વતંત્ર સાહેદનાં પુરાવાથી નિઃશંકપણે સાબિત કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. વળી, આ કામે આરોપીની કોઈ ઓળખ–પરેડ કરાવવામાં આવેલી હોય, તેવું પણ રૅકર્ડ પરથી જણાઈ આવતું નથી. આમ, આ કામનાં ફરિયાદીને થયેલ અકસ્માત, એ હાલનાં આરોપીએ જ કરેલ હતો, તે હકીકત શંકાનાં દાયરામાં આવી જાય છે અને તે હિસાબે સદરહુ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, હાલનાં કામનાં આરોપીએ આક્ષેપિત આરોપ મુજબનો ગુનો કરેલ હોય, તેવી કોઈ જ હકીકત આ કામે તપાસવામાં આવેલાં સદર સાહેદની જુબાની પરથી નિઃશંકપણે સાબિત થઈ શકતી નથી. આમ, જયારે ફરિયાદી તથા ભોગ બનનાર ખુદ, ફરિયાદની હકીકતોનો ઈન્કાર કરતાં હોય, ત્યારે આ કામનાં આરોપી વિરૂધ્ધનાં ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તેમજ મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ અને ૧૩૪ (બી) નાં આવશ્યક તત્વો જ પુરવાર થઈ શકતાં નથી અને સર્વાંશે તેઓની જુબાનીમાંથી માત્ર એવી જ હકીકત નીકળી આવે છે કે, હાલનાં કામનાં તેઓને કોઈ વાહન અકસ્માત થયેલ હતો. પરંતુ, તે અકસ્માત, હાલનાં કામનાં આરોપીએ જ કરેલ હોવાનું ફરિયાદ પક્ષ શંકારહિત સાબિત

કરી શકેલ ન હોઈ, જે અન્વયે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ અને ૧૩૪ (બી) મુજબનાં ગુનાઓ પુરવાર થતાં ન હોઈ, ઉપર મુજબની હકીકત તથા કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં, મુદ્દા નંબર ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૨ :–**

૧૮. ઉપરોકત કરેલ વિસ્તૃતપૂર્વકની ચર્ચાનાં અનુસંધાને મુદ્દા નંબર ૨ અન્વયે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આ ખ રી હુ ક મ :–

(૧) આ કામના આરોપી પંકજભાઈ મણીલાલ પટેલ, રહે. એચ–૩૬/૧૯૩ હેપી હોમ એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ અને ૧૩૪(બી) મુજબનાં ગુનામાંથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (ક) અન્વયે, અપીલ સમય માટેનાં જામીન તેમજ જાત–મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર રજૂ કરવામાં કસૂર કરવામાં આવે, તો અગાઉ આપવામાં આવેલ જામીન તેમજ જાત–મુચરકા છ માસ સુધી ચાલૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ તારીખ એક, માહે જાન્યુઆરી, સને બે હજાર અઢારનાં રોજ ખુલ્લી ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.**

**તા.૦૧/૦૧/૨૦૧૮.**
**મુ. અમદાવાદ**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Prakash B. Patel, P.A.**